रेलवे भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARDS
सीईएन - 04/2026 - जेई, डीएमएस, सीएमए - CEN - 04/2026 - JE, DMS, CMA

Test Date	27/10/2026
Test Time	12:45 PM - 2:15 PM
Subject / Exam Group	RRB JE DMS CMA CBT I

*** Note**
Correct Answer will carry 1 mark per Question.
Incorrect Answer will carry 1/3 Negative mark per Question.

1. Options shown in green color with a tick icon are correct.
2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.

Section : **RRB JE DMS CMA CBT I**

Q.1 એક ઉત્પાદક એક વસ્તુની વેચાણ કિંમત ઉત્પાદન ખર્ચ કરતાં 26% વધુ નક્કી કરે છે. જો ઉત્પાદન ખર્ચમાં 8% નો વધારો થાય, અને ઉત્પાદક એ વસ્તુની વેચાણ કિંમત 50% વધારે, તો નફાની ટકાવારી શોધો.

Ans
- ✗ 1. 76%
- ✗ 2. 72%
- ✗ 3. 73%
- ✓ 4. 75%

Q.2 $\frac{\left\{\left(\frac{2}{3}-\frac{1}{5}\right)^3+\left(\frac{1}{5}-\frac{1}{4}\right)^3+\left(\frac{1}{4}-\frac{2}{3}\right)^3\right\}}{\left\{\left(\frac{2}{3}\right)^2-\left(\frac{1}{5}\right)^2\right\}^3+\left\{\left(\frac{1}{5}\right)^2-\left(\frac{1}{4}\right)^2\right\}^3+\left\{\left(\frac{1}{4}\right)^2-\left(\frac{2}{3}\right)^2\right\}^3}$ નું મૂલ્ય શોધો.

Ans
- ✓ 1. $2\frac{114}{143}$
- ✗ 2. 1
- ✗ 3. $1\frac{7}{60}$
- ✗ 4. $5\frac{13}{125}$

Q.3 નીચેનામાંથી કયા અક્ષર-સમૂહો # અને % ના સ્થાને આવવા જોઈએ, જેથી કે :: ની ડાબી બાજુએ અક્ષર-સમૂહ જોડીઓ વચ્ચે અનુસરાતી પેટર્ન અને સંબંધ એ :: ની જમણી બાજુની અક્ષર-સમૂહ જોડીઓ વચ્ચે અનુસરાતી પેટર્ન અને સંબંધ જેવી જ હોય?

 # : KHO:: MJQ: %

Ans
- ✗ 1. # = JGM, % = NKR
- ✗ 2. # = JGN, % = NKS
- ✗ 3. # = JGN, % = NLR
- ✓ 4. # = JGN, % = NKR

Q.4 પેટ્રોલના ભાવ (લીટર દીઠ) માં 52% નો વધારો થાય છે. પેટ્રોલ પરનો કુલ ખર્ચ માત્ર 14% જ વધે તે માટે તેના વપરાશમાં કેટલા ટકા ફેરફાર કરવો જોઈએ?

Ans
- ✗ 1. 10% નો વધારો
- ✗ 2. 30% નો વધારો
- ✗ 3. 20% નો ઘટાડો
- ✓ 4. 25% નો ઘટાડો

Q.5 જ્યારે કોઈ જૈવ-અવિઘટનીય (nonbiodegradable) પદાર્થ લાંબા સમય સુધી પૃથ્વી પર રહે છે ત્યારે શું થાય છે?

Ans
✗ 1. જમીનની ફળદ્રુપતા વધારે છે અને પર્યાવરણના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે.
✓ 2. પ્રદૂષણ ફેલાવે છે અને નિવસનતંત્રના સજીવોને નુકસાન પહોંચાડે છે.
✗ 3. પર્યાવરણના જલચક્રને વેગ આપે છે.
✗ 4. નજીકમાં રહેતા પ્રાણીઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરે છે.

Q.6 મહિલાઓની પ્રજનન વય-વર્ષો દરમિયાન દર મહિને ગર્ભાશયનું આંતરિક અસ્તર શા માટે જાડું થાય છે?

Ans
✗ 1. પરિપક્વ અંડકોષ વિમુક્તિમાં અંડપિંડ (ovary)ને સહાય કરવા માટે
✗ 2. ગર્ભાશય દ્વારા શુક્રાણુઓની ગતિને મદદ કરવા માટે
✗ 3. પ્રજનન અંતઃસ્રાવના વિમુક્તિને ઉત્તેજિત કરવા માટે
✓ 4. ફલિત અંડકોષના સંભવિત સ્થાપન માટેની તૈયારી કરવા

Q.7 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

GLR : EJV
MTS : KRW

Ans
✗ 1. KKJ : IIM
✗ 2. JMN : HLR
✗ 3. MXP : KZT
✓ 4. LHO : JFS

Q.8 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?
LIF, SPM, ZWT, GDA, ?

Ans
✓ 1. NKH
✗ 2. OLI
✗ 3. NJI
✗ 4. OKH

Q.9 જો અરીસાના સૂત્રમાં વસ્તુ અંતર (object distance) ઋણ (negative) હોય, તો તે વસ્તુની સ્થિતિ વિશે શું સૂચવે છે?

Ans
✗ 1. વસ્તુ અરીસાની પાછળ છે.
✓ 2. વસ્તુ અરીસાની સામે રાખવામાં આવી છે.
✗ 3. વસ્તુ મુખ્ય કેન્દ્ર (focal point) પર છે.
✗ 4. વસ્તુ વક્રતા કેન્દ્ર (center of curvature) પર છે.

Q.10 જો એક ચોરસ આકારના ઉદ્યાનની ચારેય બાજુએ 2.5 મીટરની સમાન પહોળાઇ ધરાવતો પથ આવેલો હોય અને આ પથનું ક્ષેત્રફળ 295 ચોરસ મીટર હોય, તો પથ સહિત ઉદ્યાનનું કુલ ક્ષેત્રફળ શોધો.

Ans
✗ 1. 729 m^2
✓ 2. 1024 m^2
✗ 3. 900 m^2
✗ 4. 625 m^2

Q.11 ઉત્તર તરફ મુખ કરીને 54 લોકોની હરોળમાં, ફિરોઝ ડાબા છેડેથી 23મા સ્થાન પર છે. જો સૌરવ ફિરોઝની ડાબી બાજુ 5મા સ્થાન પર બેઠો હોય, તો હરોળના જમણા છેડેથી સૌરવનું સ્થાન કયું હશે?

Ans
✗ 1. 34મું
✗ 2. 35મું
✓ 3. 37મું
✗ 4. 36મું

blackbook

Q.12 R,S,T,U,G,H અને I એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે.
G ની જમણી બાજુથી ગણતરી કરવામાં આવે ત્યારે G અને S ની વચ્ચે ફક્ત ચાર લોકો બેસે છે. G એ U ની ડાબી બાજુથી ત્રીજા સ્થાને બેસે છે.
H એ R ની ડાબી બાજુથી ત્રીજા સ્થાને બેસે છે. T એ S અને U બંનેની તરત બાજુમાં બેસે છે.
જ્યારે I ની જમણી બાજુએથી ગણતરી કરવામાં આવે ત્યારે I અને T વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
✗ 1. ચાર
✓ 2. બે
✗ 3. ત્રણ
✗ 4. એક

Q.13 કોઇ વસ્તુને 250 N ના અચળ બળથી 7 m આડી રીતે ખસેડવામાં આવે છે. પછી તે જ બળથી તેને 1 m ઊભી રીતે ઉપાડવામાં આવે છે. કયા કિસ્સામાં વધુ કાર્ય કરવામાં આવે છે?

Ans
✗ 1. આડી ગતિ દરમિયાન ઓછું કાર્ય કરવામાં આવે છે કારણ કે વસ્તુ ઉપાડવામાં આવતી નથી.
✓ 2. આડી ગતિ દરમિયાન વધુ કાર્ય કરવામાં આવે છે કારણ કે વિસ્થાપન વધારે છે.
✗ 3. બંને કિસ્સાઓમાં સમાન કાર્ય કરવામાં આવે છે કારણ કે લાગુ બળ સમાન છે.
✗ 4. ઉપાડતી વખતે વધુ કાર્ય કરવામાં આવે છે કારણ કે તે ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ છે.

Q.14 નીચે આપેલી અક્ષર અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) R © @ G D $ @ % N P D # P D % N © F H $ Z H (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી પણ એક અક્ષર આવે છે?

Ans
✗ 1. 5
✗ 2. 7
✗ 3. 8
✓ 4. 4

Q.15 શબ્દ BECOMINGS માં દરેક સ્વરને અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં તેના તરત જ પહેલાના અક્ષરથી બદલવામાં આવે છે, અને દરેક વ્યંજનને અંગ્રેજી વર્ણમાળાના ક્રમમાં તેના તરત જ પછીના અક્ષરથી બદલવામાં આવે છે. આ રીતે બનેલા અક્ષરોના જૂથમાં કેટલા અક્ષરો બરાબર બે વખત દેખાશે?

Ans
✗ 1. એક
✗ 2. બે
✗ 3. ચાર
✓ 4. ત્રણ

Q.16 નીચેનામાંથી કયા સજીવો સૂર્યપ્રકાશ અને હરિતદ્રવ્યનો ઉપયોગ કરીને તેમના પોતાના ખોરાકનું સંશ્લેષણ કરી શકે છે?

Ans
✗ 1. શાકાહારીઓ
✓ 2. લીલી વનસ્પતિ
✗ 3. ફૂગ
✗ 4. મિશ્રાહારીઓ

Q.17 ચોરસ PQRS ની બાજુઓ PQ, QR, RS, અને SP પર અનુક્રમે બિંદુઓ M, N, X, અને T આવેલા છે. જો MNXT પણ એક ચોરસ હોય, જેનું ક્ષેત્રફળ ચોરસ PQRS ના ક્ષેત્રફળના 74.5% હોય અને XR > MQ હોય, તો ગુણોત્તર MQ : XR શોધો.

Ans
✓ 1. 3 : 17
✗ 2. 4 : 5
✗ 3. 5 : 14
✗ 4. 2 : 15

Black book

Q.18 પુસ્તકોના એક સેટની છાપેલી કિંમત ₹2,000 છે. એક પુસ્તક વિક્રેતા છાપેલી કિંમત પર 15% સ્કીમ વળતર (ડિસ્કાઉન્ટ) આપે છે. તો ગ્રાહકે ચૂકવવાની યોગ્ય (નેટ) કિંમત કેટલી છે?

Ans
✔ 1. ₹1,700
✘ 2. ₹1,750
✘ 3. ₹1,600
✘ 4. ₹1,800

Q.19 અથર્વને અમૃતસર પહોંચવા માટે 20 કલાકમાં 918 km નું અંતર કાપવાનું છે. તે પ્રથમ 7 કલાક દરમિયાન 65 km/h ની ઝડપે મુસાફરી કરે છે અને ત્યારબાદ 183 km નું અંતર 61 km/h ની ઝડપે કાપે છે. તો બાકીનું અંતર ચોક્કસ 20 કલાકમાં પૂરું કરવા માટે તેણે બાકીના અંતર માટે કઈ ઝડપે મુસાફરી કરવી પડશે?

Ans
✘ 1. 24 km/h
✘ 2. 36 km/h
✔ 3. 28 km/h
✘ 4. 32 km/h

Q.20 એક વર્ગના વિદ્યાર્થીઓએ ગણિતમાં મેળવેલા સરેરાશ ગુણ 63 હતા. છોકરાઓએ મેળવેલા સરેરાશ ગુણ, છોકરીઓએ મેળવેલા સરેરાશ ગુણ કરતાં 20% વધારે છે. જો છોકરાઓની સંખ્યા અને છોકરીઓની સંખ્યાનો અનુક્રમિક ગુણોત્તર 5 : 8 હોય, તો છોકરીઓએ મેળવેલા સરેરાશ ગુણ કેટલા હશે?

Ans
✘ 1. 59.7
✔ 2. 58.5
✘ 3. 58
✘ 4. 62

Q.21 પરાગનયનના પ્રયોગો દરમિયાન ફૂલને કાપડની થેલી વડે શા માટે ઢાંકવામાં આવે છે?

Ans
✘ 1. વૃદ્ધિ પામતી વનસ્પતિને રોગ થવાથી બચાવવા માટે
✘ 2. દલપત્રોના એકંદર વૃદ્ધિ દરને ઝડપી બનાવવા માટે
✔ 3. અનિચ્છનીય પરાગરજને ફૂલ સુધી પહોંચતી અટકાવવા માટે
✘ 4. નાજુક વનસ્પતિને ભારે પવન અને વરસાદથી બચાવવા માટે

Q.22 $\frac{1}{\cos^2 80^\circ} - \tan^2 80^\circ$ નું મૂલ્ય શોધો.

Ans
✘ 1. $\cot^2 40^\circ$
✔ 2. 1
✘ 3. 0
✘ 4. $\cot^2 160^\circ$

Q.23 લવ એ બિંદુ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને પૂર્વ તરફ 4 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે અને 10 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લે છે અને 8 km ડ્રાઇવ કરે છે અને બિંદુ B પર રોકાય છે.
કુશ એ બિંદુ P થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે, જે કે બિંદુ A થી 13 km પૂર્વમાં છે, અને પૂર્વ તરફ 6 km ડ્રાઇવ કરે છે. પછી તે જમણો વળાંક લે છે અને 10 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લે છે અને 2 km ડ્રાઇવ કરે છે અને બિંદુ Q પર રોકાય છે.
બિંદુ Q અને બિંદુ B વચ્ચેનું સૌથી ટૂંકું અંતર કેટલું છે? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે.)

Ans
✘ 1. 11 km
✘ 2. 8 km
✔ 3. 9 km
✘ 4. 10 km

Q.24 12 ખુરશીઓ અને 5 ટેબલની કિંમત ₹6,300 છે અને 12 ખુરશીઓ અને 4 ટેબલની કિંમત ₹5,100 છે. તો 4 ખુરશીઓ અને 17 ટેબલની કિંમત કેટલી થશે?

Ans
✔ 1. ₹20,500
✘ 2. ₹20,498
✘ 3. ₹20,502
✘ 4. ₹20,503

Black book

Q.25 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
'honest successful person' નો સંકેત 'cf py kj' છે,
'honest reviews film' નો સંકેત 'cb iq cf' છે અને
'all successful reviews' નો સંકેત 'py yj iq' છે.
(તમામ સંકેત માત્ર બે-અક્ષરના સંકેત છે.)

successful માટેનો સંકેત શું છે?

Ans
- ✗ 1. kj
- ✓ 2. py
- ✗ 3. cf
- ✗ 4. vj

Q.26 નીચેનામાંથી કયું કારણ સમજાવે છે કે માઇક્રોવેવ અને રેડિયો તરંગો પૃથ્વીને ગરમ કરવામાં થોડું જ યોગદાન આપે છે?

Ans
- ✗ 1. તે ઓઝોન દ્વારા શોષાય છે
- ✗ 2. તે વાદળો દ્વારા અવરોધાય છે
- ✓ 3. તે ખૂબ ઓછી ઊર્જા વહન કરે છે
- ✗ 4. તે વાયુઓ દ્વારા જકડી રાખવામાં આવે છે

Q.27 આપેલ શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?)ના સ્થાને શું આવવું જોઈએ?

17 28 50 83 127 ?

Ans
- ✓ 1. 182
- ✗ 2. 193
- ✗ 3. 199
- ✗ 4. 188

Q.28 જો $\sec^2\alpha+\tan^2\alpha=\frac{5}{3}$ હોય, તો $\tan 2\alpha$ નું મૂલ્ય શોધો.

Ans
- ✗ 1. $\pm\frac{1}{\sqrt{3}}$
- ✓ 2. $\pm\sqrt{3}$
- ✗ 3. 0
- ✗ 4. ± 1

Q.29 જો નીચેની માહિતીનો મધ્યક 41 હોય, તો x નું મૂલ્ય શોધો.

વર્ગ	20-30	30-40	40-50	50-60	60-70
આવૃત્તિ	48	39	43	25	X

Ans
- ✗ 1. 25
- ✗ 2. 22
- ✓ 3. 20
- ✗ 4. 27

Q.30 ભારતના કયા વાઇસરોય કેબિનેટ મિશન પ્લાન સાથે સંકળાયેલા હતા?

Ans
- ✓ 1. લોર્ડ વેવેલ (Lord Wavell)
- ✗ 2. લોર્ડ લિનલિથગો (Lord Linlithgow)
- ✗ 3. લોર્ડ માઉન્ટબેટન (Lord Mountbatten)
- ✗ 4. લોર્ડ ઇરવિન (Lord Irwin)

black book

Q.31 જ્યારે શ્વેત પ્રકાશ પ્રિઝમમાંથી પસાર થાય છે, ત્યારે તે રંગોના વર્ણપટમાં વિભાજિત થાય છે. આ રંગોના ક્રમને મુખ્યત્વે કયું પરિબળ નક્કી કરે છે?

Ans

✗ 1. શ્વેત પ્રકાશ પ્રિઝમમાં જે ખૂણો બનાવતા પ્રવેશ કરે છે તે કોણ

✓ 2. વિવિધ તરંગલંબાઇ માટે વક્રીભવનાંકમાં થતો ફેરફાર

✗ 3. પ્રિઝમનો ભૌમિતિક આકાર

✗ 4. શ્વેત પ્રકાશના કિરણપૂંજની પહોળાઇ

Q.32 નીચેનું કોષ્ટક બિલ્ડીંગમાં રહેતા વિવિધ વય જૂથોના લોકોની સંખ્યાને રજૂ કરે છે. માહિતીનો બહુલક 39 છે તે જોતાં, f નું મૂલ્ય શોધો.

ઉંમર (વર્ષોમાં)	વ્યક્તિઓની સંખ્યા
0-15	12
15-30	f
30-45	24
45-60	18
60-75	11
75-90	7

Ans

✓ 1. 15

✗ 2. 17

✗ 3. 20

✗ 4. 12

Q.33 જો MOBILE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે તો કેટલા અક્ષર/ અક્ષરોનું સ્થાન બદલાશે નહીં?

Ans

✗ 1. બે

✗ 2. ત્રણ

✓ 3. શૂન્ય

✗ 4. એક

Q.34 નીચેનામાંથી કયું વિધાન રાસાયણિક સંયોજનમાં નિશ્ચિત પ્રમાણનો નિયમ (Law of Constant Proportions) નું શ્રેષ્ઠ રીતે વર્ણન કરે છે?

Ans

✗ 1. કોપર સલ્ફેટમાં તાંબુ અને સલ્ફરનું પ્રમાણ અલગ-અલગ હોઇ શકે છે.

✗ 2. મીઠું સોડિયમ અને ક્લોરિનના બદલાતા ગુણોત્તર ધરાવી શકે છે.

✗ 3. હવામાં સ્થળના આધારે વાયુઓનું પ્રમાણ બદલાતું રહે છે.

✓ 4. પાણી હંમેશાં દળ સંદર્ભે નિશ્ચિત ગુણોત્તરમાં હાઇડ્રોજન અને ઓક્સિજન ધરાવે છે.

Q.35 એક ચોક્કસ તર્કને અનુસરીને 174 એ 81 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને, 196 એ 92 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 324 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે? (નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ (Operations) જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans

✗ 1. 237

✓ 2. 156

✗ 3. 298

✗ 4. 195

Q.36 નારીઓમાં દર મહિને અંડાશય (ovary)માંથી પરિપક્વ અંડકોષ મુક્ત થવાની પ્રક્રિયાને શું કહે છે?

Ans

✓ 1. અંડકોષમોચન (Ovulation)

✗ 2. ફલન (Fertilization)

✗ 3. ગર્ભ સ્થાપન (Implantation)

✗ 4. માસિક સ્રાવ (Menstruation)

black book

Q.37 નીચેનામાંથી કયા દેશે જૂન-જુલાઈ 2026 દરમિયાન યોજાયેલી 75મી લિન્ડો નોબેલ લોરેટ મીટિંગ (Lindau Nobel Laureate Meeting)નું આયોજન કર્યું હતું, જ્યાં યુવા સંશોધકોએ વિશ્વભરના નોબેલ પુરસ્કાર વિજેતાઓ સાથે સંવાદાત્મક-વાતચીત કરી હતી?

Ans
- ✗ 1. સ્વીડન
- ✗ 2. ઓસ્ટ્રિયા
- ✗ 3. સ્વિટ્ઝર્લેન્ડ
- ✓ 4. જર્મની

Q.38 નિયંત્રિત પ્રયોગશાળા પ્રયોગમાં, એક ડ્રોન વધુ ઘનતાવાળો વાયુ (dense gas) થી ભરેલી સીલબંધ ટાંકીની ઉપર સ્થિર હોવર કરે (અધ્યર ફરે) છે. જેમ જેમ ડ્રોનના રોટર્સ પ્રવેગિત થાય છે, તેમ તેમ ડ્રોનનું એકંદર દળ યથાવત રહેવા છતાં તે અનપેક્ષિત રીતે ઉપર તરફ ચઢવાનું શરૂ કરે છે. ન્યૂટનની ગતિના ત્રીજા નિયમ અને ડ્રોન તથા વાયુ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાબળ જોડીઓની પ્રકૃતિના સંદર્ભમાં ડ્રોનની ઉપર તરફની ગતિને કયું વિધાન શ્રેષ્ઠ સમજાવે છે?

Ans
- ✗ 1. ડ્રોન પોતાની ઉપર અને નીચે દબાણનો તફાવત બનાવે છે, પરંતુ વાયુ રોટર્સ દ્વારા કોઈ સીધો બળ અનુભવતો નથી.
- ✓ 2. રોટર્સ વધુ ઘનતાવાળા વાયુને નીચે તરફ ધકેલે છે, અને વાયુ ડ્રોન પર સમાન ઉપર તરફનું બળ લગાડે છે, જેના કારણે તે ઉપર જાય છે.
- ✗ 3. ગાઢ વાયુ રોટર્સથી પ્રભાવિત થતો નથી, તેથી ડ્રોન ફક્ત આંતરિક મિકેનિઝમને કારણે ઉપર ચઢે છે.
- ✗ 4. ડ્રોન વાયુ સાથે ક્રિયાપ્રતિક્રિયા કર્યા વિના પોતાની જાતને ઉપર તરફ ઊંચકે છે, તેથી તેમાં કોઈ પ્રતિક્રિયા બળ સામેલ નથી.

Q.39 ધમનીઓની કઈ સંરચનાત્મક વિશેષતા તેમણે ઉચ્ચ રક્ત દબાણ સામે ટકી રહેવા માટે સક્ષમ બનાવે છે?

Ans
- ✗ 1. એક કોષીય જાડાઈ ધરાવતી દીવાલ
- ✗ 2. વિરુદ્ધ દિશામાં થતો રક્તપ્રવાહ અટકાવવા માટેના વાલ્વ
- ✓ 3. જાડી, સ્થિતિસ્થાપક દીવાલ
- ✗ 4. પાતળી, સ્થિતિસ્થાપક દીવાલ

Q.40 તમામ 67 લોકો ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં ઊભા છે. દીક્ષા ડાબી બાજુના છેડેથી 13મા સ્થાને છે, જ્યારે રાઘવ જમણી બાજુના છેડેથી 15મા સ્થાને છે. દીક્ષા અને રાઘવ વચ્ચે કેટલા લોકો છે?

Ans
- ✗ 1. 37
- ✗ 2. 40
- ✓ 3. 39
- ✗ 4. 38

Q.41 ધાતુઓનું નિષ્કર્ષણ (extracting) કરતા પહેલાં અયસ્કનું સમૃદ્ધિકરણ (enrichment) શા માટે જરૂરી છે?

Ans
- ✗ 1. અયસ્કને વધુ પ્રક્રિયા કર્યા વિના સીધી શુદ્ધ ધાતુમાં રૂપાંતરિત કરવી.
- ✓ 2. ધાતુના નિષ્કર્ષણ દરમિયાન અશુદ્ધિઓને દૂર કરીને જરૂરી ખર્ચ અને ઊર્જા ઘટાડવી
- ✗ 3. અયસ્કના નિષ્કર્ષણ પહેલાં તેની ભૌતિક સ્થિતિને ઘનમાંથી પ્રવાહીમાં બદલવી
- ✗ 4. અયસ્કનું વજન વધારવા તેને અશુદ્ધિઓ સાથે મિશ્રિત કરવું

Q.42 7% ના ચક્રવૃદ્ધિ ઘસારાના 2 વર્ષ પછી, એક રમકડાની કારની કિંમત ₹21,576 થાય છે. પ્રથમ વર્ષના અંતે તે રમકડાની કારની કિંમત કેટલી હતી?

Ans
- ✗ 1. ₹23,900
- ✓ 2. ₹23,200
- ✗ 3. ₹23,320
- ✗ 4. ₹22,500

Q.43 જો દ્વિપરમાણ્વીય તત્વ X_2 નું આણ્વીય દળ 70 u હોય, તો X નું પરમાણ્વીય દળ _____ છે.

Ans
- ✓ 1. 35 u
- ✗ 2. 140 u
- ✗ 3. 70 u
- ✗ 4. 17.5 u

Q.44 રાજ્યસભાના અધ્યક્ષ (ચેરમેન) તરીકે ઉપપ્રાષ્ટ્રપતિ ની ફરજ નીચેનામાંથી કઇ નથી?

Ans
✔ 1. દરેક બિલ પર મત આપવો
✘ 2. બિલ અને પ્રસ્તાવોને મતદાન માટે મૂકવા
✘ 3. ગૃહમાં શિસ્ત જાળવવું
✘ 4. સભ્યોને બોલવાની પરવાનગી આપવી

Q.45 એક ચોક્કસ રકમને સાદા વ્યાજે રોકવામાં આવે ત્યારે તે 2 વર્ષમાં ₹1,750 અને 3 વર્ષમાં ₹2,500 થાય છે. તો વાર્ષિક વ્યાજનો દર % માં શોધો.

Ans
✔ 1. 300
✘ 2. 125
✘ 3. 100
✘ 4. 200

Q.46 સમાનધર્મી શ્રેણી (Homologous series)માં શું સમાન હોય છે?

Ans
✔ 1. સામાન્ય સૂત્ર
✘ 2. આણ્વીય દળ
✘ 3. કાર્બન પરમાણુઓની સંખ્યા
✘ 4. આણ્વીય સૂત્ર

Q.47 જળચક્રના કયા તબક્કા દરમિયાન પાણીની વરાળ પ્રવાહી સ્વરૂપમાં રૂપાંતરિત થાય છે, જે વાદળોની રચના તરફ દોરી જાય છે?

Ans
✘ 1. બાષ્પીભવન (Evaporation)
✘ 2. અવક્ષેપન (Precipitation)
✘ 3. બાષ્પોત્સર્જન (Transpiration)
✔ 4. સંઘનન (Condensation)

Q.48 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
5 લાકડીઓમાં, R, D, A, L અને X, દરેકની ઊંચાઈ અલગ અલગ છે, તો કઇ લાકડી સૌથી લાંબી છે?

વિધાનો:
(I) A એ માત્ર બે લાકડીઓ કરતાં ટૂંકી છે. X એ A કરતાં લાંબી છે.
(II) L એ X કરતાં લાંબી છે.

Ans
✘ 1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 2. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 3. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 4. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.49 ₹31500 ને ત્રણ ભાગમાં એવી રીતે વિભાજીત કરો કે પહેલા ભાગનો અડધો ભાગ, બીજા ભાગનો ચોથો ભાગ અને ત્રીજા ભાગનો આઠમો ભાગ સમાન હોય. પહેલો ભાગ (₹માં) શોધો.

Ans
✘ 1. 4200
✘ 2. 4600
✔ 3. 4500
✘ 4. 4400

Q.50 એક વસ્તુ તેની પડતર કિંમત પર 179% ના નફા સાથે વેચવામાં આવે છે. જો પડતર કિંમત અને વેચાણ કિંમતની પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો આ વ્યવહારમાં કેટલા ટકા ખોટ જશે? તમારો જવાબ દશાંશ ચિહ્ન પછી બે અંકો સુધી આવરી લો.

Ans
✗ 1. 65.69%
✗ 2. 65.56%
✗ 3. 64.13%
✓ 4. 64.16%

Q.51 ઉત્તરના મેદાનોનો જૂનો કાંપ ધરાવતો ભાગ, જે પૂરના મેદાનોની ઉપર સીડી (terrace) જેવો આકાર બનાવે છે, તેમાં કેલ્શિયમયુક્ત યૂનાના નિક્ષેપો (ગાંઠો) આવેલા હોય છે, તેને સ્થાનિક ભાષામાં _____ કહેવામાં આવે છે.

Ans
✓ 1. કંકર (Kankar)
✗ 2. રેહ (Reh)
✗ 3. કેલાર (Kallar)
✗ 4. ભુર (Bhur)

Q.52 આપેલ શ્રેણીમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

3.6 7.8 12.0 16.2 20.4 24.6 ?

Ans
✗ 1.
27.4
✗ 2.
27.8
✗ 3.
28.6
✓ 4.
28.8

Q.53 એક ડિલિવરી રોબોટ કન્વેયર બેલ્ટ પર એક પેકેજને ખસેડે છે. જો રોબોટ પેકેજનું દળ બમણું કરે છે પરંતુ પ્રવેગ અચળ રાખે છે, તો અવરોધક બળોને અવગણતાં, રોબોટે લગાવવું પડતું બળ કેટલું થશે?

Ans
✗ 1. રોબોટ દ્વારા જરૂરી બળ યથાવત રહે છે
✗ 2. રોબોટ દ્વારા જરૂરી બળ પહેલાં કરતાં અડધું થઈ જાય છે
✓ 3. રોબોટ દ્વારા જરૂરી બળ પહેલાં કરતાં બમણું થઈ જાય છે
✗ 4. રોબોટ દ્વારા જરૂરી બળ પહેલાં કરતાં ચાર ગણું થઈ જાય છે

Q.54 એક ચતુષ્કોણના એક વિકર્ણની લંબાઈ 54 cm છે અને બાકીના બે શિરોબિંદુઓ પરથી આ વિકર્ણ પર દોરેલા લંબની લંબાઈ અનુક્રમે 38 cm અને 18 cm છે. આ ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો.

Ans
✗ 1. $1612\ cm^2$
✓ 2. $1512\ cm^2$
✗ 3. $1812\ cm^2$
✗ 4. $1712\ cm^2$

Q.55 એક સમબાજુ ચતુષ્કોણ (Rhombus) આકારના ખેતરના વિકર્ણોની લંબાઈ અનુક્રમે 138 m અને 184 m છે. તો તે ખેતરની પરિમિતિ (મીટરમાં) કેટલી થશે?

Ans
✓ 1. 460
✗ 2. 479
✗ 3. 445
✗ 4. 465

Q.56 ભારતીય બંધારણનો અનુચ્છેદ 21 કયા અધિકાર સાથે સંબંધિત છે?

Ans
✗ 1. શિક્ષણનો અધિકાર
✗ 2. ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર
✗ 3. સમાનતાનો અધિકાર
✓ 4. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ

Black book

Q.57 જો કોઈ સંખ્યાના 40% ને 120 માં ઉમેરવામાં આવે, તો પરિણામ તે જ સંખ્યા મળે છે. તે જ સંખ્યાના 80% કેટલા થાય?

Ans
- ✗ 1. 120
- ✗ 2. 140
- ✗ 3. 180
- ✓ 4. 160

Q.58 નીચે આપેલી છ દશાંશ સંખ્યાઓની સરેરાશ કેટલી થાય? (તમારા જવાબને બે દશાંશ સ્થાન સુધીમાં આવરી લો)
1.2, 2.4, 3.6, 4.8, 5.0, અને 6.0

Ans
- ✗ 1. 4.25
- ✗ 2. 3.60
- ✗ 3. 2.83
- ✓ 4. 3.83

Q.59 આવર્ત કોષ્ટક (periodic table) માં ઓક્સિજન તત્વને કઈ સંજ્ઞા (symbol) રજૂ કરે છે?

Ans
- ✗ 1. N
- ✓ 2. O
- ✗ 3. H
- ✗ 4. C

Q.60 બે મિત્રો, X અને Y, બેઉએ અનુક્રમે ₹180 અને ₹240 ના પ્રારંભિક મૂડીનું રોકાણ કરીને વ્યવસાય શરૂ કર્યો. વર્ષના અંતે, વ્યવસાયને ₹17,297 નો નફો થયો. નફામાં X નો હિસ્સો (₹ માં) શોધો.

Ans
- ✗ 1. 7,313
- ✗ 2. 7,363
- ✓ 3. 7,413
- ✗ 4. 7,263

Q.61 રવીન્દ્રનાથ ટાગોરને કયા વર્ષમાં સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?

Ans
- ✗ 1. 1915
- ✗ 2. 1919
- ✓ 3. 1913
- ✗ 4. 1917

Q.62 નીચેનામાંથી કયું સંયોજન યોગશીલ પ્રક્રિયા (addition reaction)માંથી પસાર થઈ શકે છે, અને તેની સંરચનાની કઈ વિશેષતા (feature)ને કારણે આ શક્ય બને છે?

Ans
- ✗ 1. મિથેનોઇક એસિડ (Methanoic acid); કારણ કે તે કાર્બોક્સિલિક સમૂહ ધરાવે છે.
- ✗ 2. ઇથેનોલ (Ethanol); કારણ કે તે હાઇડ્રોક્સિલ સમૂહ ધરાવે છે.
- ✗ 3. પ્રોપેન (Propane); કારણ કે તે ફક્ત એકલ બંધ (single bond) ધરાવે છે.
- ✓ 4. ઇથીન (Ethene); કારણ કે તે દ્વિબંધ (double bond) ધરાવે છે.

Q.63 પરમાણુ ક્રમાંક (Atomic number) વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

Ans
- ✓ 1. પરમાણુ ક્રમાંક એ તટસ્થ પરમાણુમાં ઇલેક્ટ્રોનની સંખ્યા નક્કી કરે છે.
- ✗ 2. જ્યારે પરમાણુ ઇલેક્ટ્રોન ગુમાવે છે અથવા મેળવે છે ત્યારે તેનો પરમાણુ ક્રમાંક બદલાય છે.
- ✗ 3. પરમાણુ ક્રમાંક હંમેશા દળાંક (Mass number) કરતાં મોટો હોય છે.
- ✗ 4. પરમાણુ ક્રમાંક એ પરમાણુમાં રહેલા પ્રોટોન અને ન્યુટ્રોનનો સરવાળો છે.

Q.64 આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 મુજબ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી (NDMA)ના અધ્યક્ષ તરીકે કોણ સેવા આપે છે?

Ans
- ✓ 1. ભારતના વડાપ્રધાન
- ✗ 2. કેબિનેટ સચિવ
- ✗ 3. કેન્દ્રીય ગૃહ મંત્રી
- ✗ 4. અધ્યક્ષ, NITI આયોગ

Black book

Q.65 નીચે પૈકી કયું વિધાન જટિલ સ્થાયી પેશી (complex permanent tissue) માં જલવાહક જલવાહિનીઓ (xylem vessels) નું મુખ્ય કાર્યનું સચોટ વર્ણન કરે છે?

Ans
- ✔ 1. પાણી અને ખનિજોનું ઉપર તરફ વહન કરવું
- ✘ 2. માત્ર વનસ્પતિને આધાર પૂરો પાડવો
- ✘ 3. તૈયાર ખોરાકનું નીચે તરફ વહન કરવું
- ✘ 4. રેઝિન અને લેટેક્સનો સંગ્રહ કરવો

Q.66 એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ 'A એ B ની માતા છે'
A – B નો અર્થ 'A એ B નો ભાઈ છે'
A x B નો અર્થ 'A એ B ની પત્ની છે'
A % B નો અર્થ 'A એ B નો પિતા છે'
A # B નો અર્થ 'A એ B ની પુત્રી છે'
ઉપરોક્તના આધારે, જો 'Tm % Np + Dm # Gu % Pt' હોય તો Tm નો Pt સાથે શું સંબંધ છે?

Ans
- ✘ 1. પત્નીના પિતા
- ✘ 2. પિતાના પિતા
- ✔ 3. માતાના પિતા
- ✘ 4. પુત્રીના પતિ

Q.67 નીચેનામાંથી કયું રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા વપરાતું નાણાંકીય નીતિનું પરિમાણાત્મક (quantitative) સાધન છે?

Ans
- ✔ 1. સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (Statutory Liquidity Ratio)
- ✘ 2. બજેટ (Budget)
- ✘ 3. મોરલ સ્વેઝન (Moral Suasion)
- ✘ 4. ડાયરેક્ટ એક્શન (Direct Action)

Q.68 આ પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકના એક જૂથને નીચે આપેલા કોડ અને શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને કોડ કરવામાં આવ્યું છે. શરતોનું પાલન કરતું કોડનું સાચું સંયોજન તમારો જવાબ છે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપ્યા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવાનો રહેશે.

સંખ્યા/પ્રતીક 4 @ 9 # 1 % 7 & 2 $ 8 + 5 6

કોડ J M W T H P L F D R A U K Q

શરતો –
(i) જો પ્રથમ ઘટક પ્રતીક હોય, તો ચોથા ઘટકને © તરીકે કોડ કરો.
(ii) જો બીજો ઘટક એકી હોય અને ચોથો ઘટક બેકી હોય, તો ચોથા ઘટકને © તરીકે કોડ કરો.
(iii) જો ત્રીજો ઘટક પ્રતીક હોય, તો પાંચમાના કોડને ત્રીજાના કોડથી બદલો.

નીચેના માટેનો કોડ શું છે?
5 9 1 8 2

Ans
- ✘ 1. KWHAD
- ✔ 2. KWH©D
- ✘ 3. K©HAD
- ✘ 4. KWHWD

Q.69 એક પાઇપ એક ટાંકીને 24 મિનિટમાં ભરી શકે છે, જ્યારે અન્ય પાઇપ સંપૂર્ણ ભરેલી ટાંકીને 88 મિનિટમાં ખાલી કરી શકે છે. જો ખાલી ટાંકીમાં બંને પાઇપ એકસાથે ચાલુ કરવામાં આવે, તો ટાંકીનો એક-તૃતીયાંશ ભાગ ભરાતાં કેટલો સમય (મિનિટમાં) લાગશે?

Ans
- ✘ 1. 33
- ✘ 2. 44
- ✘ 3. 22
- ✔ 4. 11

Q.70 જો '+' નો અર્થ '−', '−' નો અર્થ '×', '×' નો અર્થ '÷', '÷' નો અર્થ '+' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

25 − 4 ÷ 15 + 42 × 2 = ?

Ans
✔ 1. 94
✘ 2. 98
✘ 3. 96
✘ 4. 97

Q.71 એક હાથલારીને આડી સપાટી પર **40 N** બળ દ્વારા ક્ષિતિજ સમાંતર (horizontal) સાથે **30°** ના ખૂણે **5.4 m** ખેંચવામાં આવે છે. બળ દ્વારા થયેલું કાર્ય (આશરે) કેટલું હશે?

Ans
✘ 1. 175 J
✔ 2. 187 J
✘ 3. 169 J
✘ 4. 135 J

Q.72 લોખંડ (આયર્ન) ની સંજ્ઞા Fe ક્યાંથી લેવામાં આવી છે?

Ans
✘ 1. ફ્રાન્સ કારણ કે તે ત્યાં પ્રથમ વાર જોવા મળ્યું હતું
✘ 2. લોખંડના રંગ
✘ 3. તેના અયસ્કનું નામ ફેરેટ
✔ 4. તેનું લેટિન નામ ફેરમ

Q.73 નીચેના અક્ષર અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબેથી જમણી તરફ જ કરવાની છે.
(ડાબી બાજુ) % S = T A # O M O H E Z E L R U V & J C / (જમણી બાજુ)
એવા કેટલા અક્ષર છે જે દરેકની તરત જ પહેલા એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

Ans
✔ 1. ત્રણ
✘ 2. બે
✘ 3. એક
✘ 4. ચાર

Q.74 જો **'A'** નો અર્થ **'÷'**, **'B'** નો અર્થ **'×'**, **'C'** નો અર્થ **'+'** અને **'D'** નો અર્થ **'-'** થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્ન ચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

5 B 6 D 117 A 3 C 18 = ?

Ans
✘ 1.
18
✔ 2.
9
✘ 3.
13
✘ 4.
21

Q.75 એક બંધ લંબધન પેટીની ધારોની લંબાઈનો ગુણોત્તર **5 : 6 : 7** છે. જો તેનું કુલ પૃષ્ઠફળ **3424 cm^2** હોય, તો તેની સૌથી નાની ધારની લંબાઇ શોધો.

Ans
✘ 1. 18 cm
✘ 2. 16 cm
✔ 3. 20 cm
✘ 4. 24 cm

Black book

Q.76 ડિસેમ્બર 2025 માં 20,000 આંતરરાષ્ટ્રીય રનનો આંકડો વટાવનાર યોથા ભારતીય ક્રિકેટર કોણ બન્યા હતા?

Ans
- ✗ 1. શિખર ધવન
- ✗ 2. વિરાટ કોહલી
- ✗ 3. સૌરવ ગાંગુલી
- ✓ 4. રોહિત શર્મા

Q.77 જ્યારે પ્રકાશનું કિરણ હવામાંથી કાચના બહિર્ગોળ લેન્સમાં પ્રવેશે છે, ત્યારે તેનું શું થાય છે?

Ans
- ✗ 1. તે પાછું હવા તરફ પરાવર્તન પામે છે
- ✓ 2. તે લેન્સમાં પ્રવેશે ત્યારે લંબ તરફ વળે છે
- ✗ 3. તે લેન્સમાં પ્રવેશે ત્યારે લંબથી દૂર વળે છે
- ✗ 4. તે વળ્યા વગર સીધી રેખામાં ગતિ ચાલુ રાખે છે

Q.78 72 km/hની ઝડપે દોડતી 382 m લાંબી ટ્રેન 30 સેકન્ડમાં પ્લેટફોર્મ પસાર કરે છે. પ્લેટફોર્મની લંબાઈ (m માં) શોધો.

Ans
- ✗ 1. 215
- ✗ 2. 217
- ✗ 3. 216
- ✓ 4. 218

Q.79 મૂલ્યાંકન કરો: 88 − {7 − (−48) ÷ (−12)}

Ans
- ✓ 1. 85
- ✗ 2. 83
- ✗ 3. 84
- ✗ 4. 86

Q.80 એક વિદ્યાર્થી પાણીમાં એક પદાર્થનું પરીક્ષણ કરે છે અને માલૂમ પડે છે કે તે વાદળી લિટમસ પેપરને લાલ બનાવે છે અને વિદ્યુત વાહકતામાં વધારો કરે છે. આ પદાર્થની સૌથી સંભવિત ઓળખ કઈ છે?

Ans
- ✗ 1. એક ક્ષાર
- ✗ 2. એક બેઇઝ
- ✗ 3. એક તટસ્થ પદાર્થ
- ✓ 4. એક એસિડ

Q.81 કેન્દ્રમાં રાજકીય અનિશ્ચિતતા અને ચૂકવણીની સંતુલનની વણસતી સ્થિતિ, વધતું જતું દેવાનું ભારણ, વિસ્તરતી રાજકોષીય ખાધ, ઉદ્યોગમાં મંદી અને ફુગાવાને કારણે ભારતની કઈ પંચવર્ષીય યોજનાને બે વર્ષ માટે મોકૂફ રાખવામાં આવી હતી?

Ans
- ✗ 1. બીજી પંચવર્ષીય યોજના
- ✗ 2. યોથી પંચવર્ષીય યોજના
- ✗ 3. ત્રીજી પંચવર્ષીય યોજના
- ✓ 4. આઠમી પંચવર્ષીય યોજના

Q.82 A, B, U, V, Y, અને Z દરેકે અલગ અલગ ગુણ મેળવ્યા છે. માત્ર બે લોકોએ V કરતા ઓછા ગુણ મેળવ્યા છે. A ના ગુણ U કરતાં તરત જ વધારે છે. U અને B ની વચ્ચે માત્ર બે લોકોએ ગુણ મેળવ્યા છે. Z એ Y કરતા વધુ ગુણ મેળવ્યા છે. કોઈએ B કરતા ઓછા ગુણ મેળવ્યા નથી. તો કેટલા લોકોએ Z કરતા વધુ ગુણ મેળવ્યા છે?

Ans
- ✗ 1. એક
- ✗ 2. બે
- ✓ 3. શૂન્ય
- ✗ 4. ત્રણ

black book

Q.83 **100 − [20 + 5 × (4^2 − 6)] નું સાદું રૂપ આપો.**

Ans
✗ 1. 40
✗ 2. 29
✓ 3. 30
✗ 4. 33

Q.84 **નીચેનામાંથી કયા નેતા તેમના દ્વારા સ્થાપિત સંસ્થા સાથે સાચી રીતે જોડાયેલા છે?**

Ans
✗ 1. સ્વામી વિવેકાનંદ – આર્ય સમાજ
✓ 2. સર સૈયદ અહેમદ ખાન – અલીગઢ આંદોલન
✗ 3. એમ. જી. રાનડે – બ્રહ્મ સમાજ
✗ 4. જ્યોતિરાવ ફુલે – પરમહંસ મંડળી

Q.85 **આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.**
(ડાબી બાજુ) OPT DOG NOD HAT (જમણી બાજુ)
જમણી બાજુથી ત્રીજા શબ્દના ત્રીજા અક્ષર અને ડાબી બાજુથી પ્રથમ શબ્દના પ્રથમ અક્ષર વચ્ચે કેટલા અક્ષરો અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ આવે છે?

Ans
✗ 1. 8
✗ 2. 6
✓ 3. 7
✗ 4. 10

Q.86 **કેન્દ્ર O સાથે 10 cm ત્રિજ્યાવાળા વર્તુળમાં એક સમબાજુ ત્રિકોણ ABC અંતર્ગત (inscribed) છે. તો આ સમબાજુ ત્રિકોણ ABC ની અંદર અંતર્ગત થયેલા વર્તુળની ત્રિજ્યા શોધો.**

Ans
✗ 1. 6 cm
✗ 2. 8 cm
✓ 3. 5 cm
✗ 4. 4 cm

Q.87 **એક શેફ રેસ્ટોરન્ટના ટોસ્ટરમાં એક નવો હીટિંગ ફિલામેન્ટ ઇન્સ્ટોલ કરે છે, એ ફિલામેન્ટ જૂના ફિલામેન્ટ કરતાં બમણો લાંબો છે અને તેના કરતા અડધી અવરોધકતા ધરાવ દ્રવ્યમાંથી બનેલો છે, પરંતુ તેનો આડછેદનું ક્ષેત્રફળ સમાન છે. જૂના ફિલામેન્ટની સરખામણીમાં, નવા ફિલામેન્ટનો અવરોધ કેવો થશે?**

Ans
✗ 1. તે પહેલાં કરતા બમણો થશે
✗ 2. તે પહેલાં કરતા અડધો થશે
✓ 3. તે પહેલાં જેવો જ રહેશે
✗ 4. તે પહેલાં કરતા ચાર ગણો મોટો થશે

Q.88 **કાળી જમીન, જે તેની ઉચ્ચ ભેજ-સંગ્રહ ક્ષમતા અને કપાસની ખેતી માટેની અનુકૂળતા માટે મૂલ્યવાન છે, તે મુખ્યત્વે ડેક્કન ટ્રેપના લાવાના ખવાણથી બનેલી છે અને તે ભારતના કયા ક્ષેત્રમાં જોવા મળે છે?**

Ans
✗ 1. થારનું રણ
✗ 2. સિંધુ- ગંગાના મેદાનો
✗ 3. પૂર્વીય હિમાલય
✓ 4. ડેક્કન ઉચ્ચપ્રદેશ

Q.89 **જૂન 2026 માં બહાર પાડવામાં આવેલું સુધારેલું ડેલિગેશન ઓફ ફાઇનાન્સિયલ પાવર્સ ફોર ડિફેન્સ સર્વિસીસ (Revised Delegation of Financial Powers for Defence Services) નો મુખ્ય હેતુ સંરક્ષણ વહીવટના કયા પાસાને મજબૂત કરવાનો હતો?**

Ans
✗ 1. એકલ વિક્રેતાઓ દ્વારા વિદેશી ખરીદી
✗ 2. રમતગમત સંસ્થાઓ પર નાગરિક નિયંત્રણ
✓ 3. ફિલ્ડ કમાન્ડરોની ઓપરેશનલ કાર્યક્ષમતા
✗ 4. અગ્નિવીરો માટે ભરતી નિયમો

black book

Q.90 વર્ષ 2026 માં, ભારતના AI ગવર્નન્સ અને ઇનોવેશન ઇકોસિસ્ટમમાં AIKosh વિશેષ ચર્ચામાં રહ્યું હતું. AIKosh મુખ્યત્વે શેની સાથે સંકળાયેલું છે?

Ans
- ✗ 1. ડિફેન્સ પ્રોક્યોરમેન્ટ કોન્ટ્રેક્ટ્સ
- ✗ 2. સેટેલાઇટ-લોન્ચ ઓથોરાઇઝેશન
- ✓ 3. AI ડેટાસેટ્સ અને સેક્ટરલ મોડલ્સ
- ✗ 4. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન્સ

Q.91 અમીબામાં જટિલ પદાર્થોનું સરળ પદાર્થોમાં પાચન કઈ રચનામાં થાય છે?

Ans
- ✗ 1. કોષ પટલ પર
- ✓ 2. અન્નધાનીની અંદર (Inside the food-vacuole)
- ✗ 3. સીધા કોષરસમાં (In the cytoplasm directly)
- ✗ 4. કોષ કેન્દ્રની અંદર

Q.92 ભાબરની દક્ષિણે આવેલો કળણયુક્ત અને જંગલોથી ઘેરાયેલો તરાઈ પટ્ટો કયો રાષ્ટ્રીય ઉદ્યાન ધરાવવા માટે જાણીતો છે?

Ans
- ✗ 1. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
- ✓ 2. દુધવા રાષ્ટ્રીય ઉદ્યાન
- ✗ 3. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન
- ✗ 4. રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન

Q.93 સચિને ₹45000 નું 4% વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજના દરે 1 વર્ષ માટે રોકાણ કર્યું, જેમાં વ્યાજની ગણતરી અર્ધ-વાર્ષિક (દર છ મહિને) થાય છે. તો તેને મળનારી કુલ રકમ (વ્યાજમુદ્દલ) કેટલી હશે?

Ans
- ✗ 1. ₹47784
- ✗ 2. ₹46865
- ✗ 3. ₹46055
- ✓ 4. ₹46818

Q.94 એક ચોક્કસ તર્કને અનુસરીને 13 એ 98 સાથે સંબંધિત છે. એ જ તર્કને અનુસરીને, 21 એ 154 સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી 25 કયા સાથે સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, ગાણિતિક પ્રક્રિયાઓ આખી સંખ્યાઓ પર જ કરવાની રહેશે . ઉદાહરણ તરીકે, 13 – 13 પર સરવાળો/બાદબાકી/ગુણાકાર જેવી પ્રક્રિયાઓ કરી શકાય છે. 13 ને 1 અને 3 માં અલગ પાડીને પછી 1 અને 3 પર ગાણિતિક પ્રક્રિયાઓ કરવાની પરવાનગી નથી.)

Ans
- ✗ 1. 195
- ✗ 2. 163
- ✗ 3. 174
- ✓ 4. 182

Q.95 નીચેનામાંથી કઈ ધાતુ હવામાંના ભેજયુક્ત કાર્બન ડાયોક્સાઇડ સાથે પ્રક્રિયા કરી ધીમે ધીમે તેની ચમકદાર કથ્થઈ સપાટી ગુમાવે છે અને લીલું આવરણ (સ્તર) ધારણ કરે છે?

Ans
- ✓ 1. તાંબુ
- ✗ 2. જસત
- ✗ 3. એલ્યુમિનિયમ
- ✗ 4. સોનું

Q.96 એક દડો 3 મીટર પ્રતિ સેકન્ડના અચળ પ્રવેગ સાથે 4 સેકન્ડ માટે એક ઢોળાવમાં નીચે તરફ ગગડે છે. જો તે સ્થિર અવસ્થામાંથી શરૂ થયો હોય, તો તેનો અંતિમ વેગ કેટલો હશે?

Ans
- ✗ 1. 7 મીટર પ્રતિ સેકન્ડ
- ✓ 2. 12 મીટર પ્રતિ સેકન્ડ
- ✗ 3. 3 મીટર પ્રતિ સેકન્ડ
- ✗ 4. 16 મીટર પ્રતિ સેકન્ડ

black book

Q.97 નીચે આપેલા સમીકરણને m નું કયું મૂલ્ય સંતોષે છે?

$$\left(\frac{11}{4}\right)^{11} \times \left(\frac{4}{11}\right)^{12} \times \left(\frac{11}{4}\right)^{5} = \left(\frac{4}{11}\right)^{7m+17}$$

Ans
✗ 1. -4
✗ 2. -15
✗ 3. -5
✓ 4. -3

Q.98 રોહન એ વિક્રમનો પુત્ર છે. વિક્રમ એ નેહાનો ભાઇ છે. નેહા એ અર્જુનની પત્ની છે. અર્જુન એ પ્રિયાનો પિતા છે. રોહન એ પ્રિયા સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
✗ 1. પિતાના ભાઈનો પુત્ર
✓ 2. માતાના ભાઈનો પુત્ર.
✗ 3. માતાની બહેનનો પુત્ર
✗ 4. પિતાની બહેનનો પુત્ર

Q.99 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઇ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✓ 1. DJ-AF
✗ 2. IL-CG
✗ 3. KN-EI
✗ 4. MP-GK

Q.100 18 Ω, 28 Ω અને 36 Ω ના ત્રણ અવરોધકોને સમાંતર ક્રમમાં જોડવામાં આવ્યા છે. સમતુલ્ય અવરોધ (equivalent resistance) એ _____ છે.

Ans
✗ 1.
27.33 Ω
✗ 2.
8.20 Ω
✓ 3.
8.40 Ω
✗ 4.
82.00 Ω

"

Black book